જિલ્લામાં ૧૦,૮૬૨ ગંગા સ્વરૂપા આર્થિક સહાય માટે અરજીઓ મળી

જિલ્લાની ૧૬૪ શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી : ૨૫૫ સીન્ટેક્ષના ઓરડાઓ હાલ જર્જરિત હાલતમાં છે

ગાંધીનગર, તા. ૨૦

આજે રાજ્ય વિધાનસભાગૃહમાં શિક્ષણ, આદિજાતિ, વિકાસ, વન મહિલા અને બાળકલ્યાણ, પંચાયત અને પર્યાવરણ વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. ગાંધીનગર જિલ્લાને લગતા ૮ થી વધુ સવાલો આ પ્રશ્નોત્તરીમાં રજુ થયા હતા.

● **રમત-ગમતના મેદાનો**

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં રમત-ગમતના મેદાનોની સુવિધા નથી તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રી ચુડાસમાએ જણાવ્યુ છે કે જિલ્લાની ૧૨૨ સરકારી પ્રાથમિક શાળાઓ અને ૧૩ ખાનગી પ્રા. શાળામાં, ૧૫ ખાનગી માધ્યમિક શાળાઓમાં, ૧૦ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સળંગ એકમમાં, ૪ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં રમત-ગમતના મેદાનો ઉપલબ્ધ નથી.

છેલ્લા બે વર્ષમાં એક પણ શાળામાં મેદાન બનાવવામાં આવ્યા નથી. જમીનની ઉપલબ્ધિ થયેથી આ શાળાઓમાં મેદાન બનાવવામાં આવશે.

● **ગંગાસ્વરૂપા આર્થિક સહાયની યોજના**

ગાંધીનગર(દ)ના શંભુજી ઠાકોર, દહેગામના બલરાજસિંહ ચૌહાણ, ઘાટલોડિયાના ભૂપેન્દ્ર પટેલ, દરિયાપુરના ગ્યાસુદીન શેખે જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા બાળ વિકાસ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૧૦,૮૬૨ અરજીઓ મળી છે.

જેમાં ગાંધીનગર તાલુકાની ૨૪૧૫, દહેગામની ૨૪૬૨, કલોલની ૩૮૧૫ અને માણસાની ૨૧૭૦ અરજીઓનો સમાવેશ થાય છે.

આ પૈકી ૩૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. લાભાર્થીને પ્રતિ માસ રૂ. ૧૨૫૦ની સહાય આપવામાં આવે છે.

● **સીન્ટેક્ષના ઓરડાઓ**

દિયોદરના શીવાભાઈ ભુરીયાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ સરકારી પ્રા. શાળાઓમાં બનાવાયેલ સીન્ટેક્ષના ઓરડાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાનો કહેર વધ્યો

જિલ્લામાં 30 કેસ નોંધાયા : શહેરમાં ૧૭, ગ્રામ્ય વિસ્તારમાં ૧૩

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ૩૦ કેસ કોરોનાના નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ અને શહેરમાં ૧૭ કેસ નોંધાયા છે.

જિલ્લામાં શરૂ થયેલા ઈન્ક્રીઝીંગ ટ્રેન્ડને લઈ તંત્રની ચિંતા વધી છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, મોટીવયના લોકો તેમજ મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા ઘેરી બની છે. જિલ્લામાં પરિવારોના પરિવારો કોરોનામાં સંક્રમિત થઈ રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક ૮ વર્ષનો વિદ્યાર્થી અને ૧૯ વર્ષની વિદ્યાર્થીનીનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કુડાસણમાં છ કેસ ઉપરાંત બે વિદ્યાર્થીઓ સહિત ગાંધીનગરમાં ૧૦ કેસ તો કલોલમાં 3 કેસ નોંધાયા : સે. ૭ માં ૩, સે. ૬, ૫, ૧૫ માં બે-બે કેસ ઉપરાંત સે. ૨, ૩, ૯, ૨૦, ૨૨, ૨૪, ૨૭ અને ૨૮ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સ્થિતિ વધુ ને વધુ વકરી રહી હોવાથી ગ્રામીણ વિસ્તારના જનજીવન પર પણ અસરો પડતી જોવા મળી રહી છે.

ગાંધીનગર તાલુકામાં ૧૦ અને કલોલમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૩ પરિવારોમાં કેસો નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામે આજે ૬ કેસ, અમીયાપુરમાં ૩ કેસ તેમજ મોટા ચિલોડામાં એક કેસ નોંધાયેલ છે.

કલોલમાં અર્બન-૨ વિસ્તારમાં એક ગૃહીણી તથા સાંતેજમાં બે કેસ સામે આવ્યા છે. અર્બન-૨ વિસ્તારમાં નોંધાયેલ ગૃહીણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૨૩૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૮ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૯૨૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના દહેગામમાં પણ એક જ પરિવારના ૪ સભ્યો સંક્રમિત થયાનુ બિનસત્તાવાર સૂત્રોએ કહ્યુ છે. જો કે આ પૈકી એક દર્દી અમદાવાદમાં સારવાર હેઠળ છે જ્યારે પરિવારના ૩ સભ્યો હોમ આઈસોલેશન હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૭ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે એક વિદ્યાર્થી ઉપરાંત મોટીવયના દર્દીઓ પણ વધુ નોંધાયા છે. શહેરમાં આજે

● અનુસંધાન પાન-૭ પર

ગુડાની આવાસ યોજનાને અનુલક્ષી પ્રથમ દિવસે ૨ હજાર ફોર્મનુ વિતરણ

વાવોલ, પેથાપુર અને સરગાસણમાં ગુડા ૨૧૦૦ એલ આઇ જી આવાસો બાંધશે : નિયત સેન્ટર પર ફોર્મ માટે અરજદારોની લાંબી કતાર જોવા મળી

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વાવોલ , પેથાપુર અને સરગાસણમાં નવા એલ આઇ જી આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. જયારે આ આવાસોન અનુલક્ષીને આજથી ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવાયુ છે. ફોર્મ વિતરણના પ્રથમ દિવસે જ અરજદારોની મોટી કતાર જોવા મળી હતી. ગુડાએ નિયત કરેલા સેન્ટરો પર લાંબી લાઈન જોવા મળી હતી. જયારે આજના દિવસે જ ૨ હજાર જેટલા ફોર્મનુ વિતરણ કરાયુ હતુ. આગામી તા ૩૧ મેં સુધીમાં ફોર્મ જમા કરવાના રહેશે. ગુડા દ્વારા કુલ ૨૧૦૦ એલ આઇ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવશે.

ગુડા દ્વારા પ્રથમ તબકકામાં રાયસણ ,ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે આ આવાસોમાં છેલ્લા પાંચ વર્ષથી રહીશો વસવાટ કરી રહ્યા છે. ત્યારબાદ કુડાસણમાં પણ ગુડાએ એમ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા હતા. જયારે હવે ગુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે વાવોલ પેથાપુર અને સરગાસણમાં નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ ત્રણેય ઠેકાણે કુલ ૨૧૦૦ જેટલા મકાનો બાંધવામાં આવશે. આ કાર્યયોજના પાછળ રૂ ૧૨૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ આવાસોની ફાળવણીને અનુલક્ષી ગુડા દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી ૧૬ બસ બંધ કરાઈ

ગાંધીનગર,તા.૨૦

અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ વધતા એસટી વિભાગ દ્વારા અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડતી ૧૬ બસને બંધ કરવામાં આવી છે. રાત્રે ૯થી સવારના ૬ વાગ્યા વચ્ચે બન્ને શહેરો વચ્ચે દોડતી એસટી બસને બંધ કરવામાં આવી છે. અમદાવાદ-ગાંધીનગરની ૩૨ ટ્રીપ બંધ કરવાનો એસટી વિભાગ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં કોરોનાના કેસમાં સતત વધારો થતા રાત્રે ૯ વાગ્યાથી રાત્રિ કરફ્યૂ લગાવવામાં આવ્યુ છે, જે સવારના ૬ વાગ્યા સુધી લાગુ રહેશે. શહેરમાં કોરોના સંક્રમણ વધતા શનિવાર અને રવિવારે મલ્ટીપ્લેક્સ, મોલ, પાર્કને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એએમટીએસ-બીઆરટીએસ બસને પણ અચોક્કસ મુદ્દત માટે બંધ કરવામાં આવી છે.

જાસપુર પાણી શુધ્ધિકરણ પ્લાન્ટને અપગ્રેડ કરવા બે તબક્કામાં કામ કરાશે

શુધ્ધિકરણની સિસ્ટમ તેમજ પમ્પીંગ મશીનરી અને સ્કીનીંગનીનુ કામ હાથ ધરાશે : અંદાજિત ૭૬ એમએલડીનો આ પ્લાન્ટ વર્ષ ૨૦૦૭માં બનાવાયો હતો

ગાંધીનગર તા ૨૦

જાસપુરના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટને અનુલક્ષી મશીનરી અપગ્રેડ કરવા માટે આયોજન કરાયુ છે. સમય જતા પાણી શુધ્ધિકરણના નિયમોમાં પણ બદલાવ આવ્યો છે. જયારે આ પ્લાન્ટના આધારે આસપાસના ગામોને પણ ખેતીલાયક પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે શુધ્ધિકરણ પ્લાન્ટની મશીનરી તેમજ સિસ્ટમ અપગ્રેડ કરવા માટે બે તબક્કામાં કામગીરી કરવામાં આવશે. આ માટે અંદાજિત રૂ ૬૮ કરોડનો ખર્ચ કરાશે.

ગટરના પાણીને શુધ્ધ કરી તેને યોગ્ય ઉપયોગમાં લેવા માટે જાસપુરમાં હાલ પ્લાન્ટ કાર્યરત છે. જો કે વર્ષોના અંતે આ પ્લાન્ટની જરૂરી મશીનરી પણ બદલવા માટે આયોજન કરાયુ છે. સમય જતા પાણી શુધ્ધિકરણના નિયમો પણ બદલાયા છે. શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે પાણી વધુ ચોખ્ખુ થાય તે માટે આયોજન કરાયુ છે. જાસપુરમાં સએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મશીનરીને અનુલક્ષી બે તબક્કામાં કામ હાથ ધરાશે. જેમાં અંદાજિત રૂ ૬૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આ પ્લાન્ટના આધારે હાલ ૭૬ અમ એલ ડી પાણી આસપાસના ગામોમાં ખેતીને પુરુ પાડવામાં આવે છે. જાસપુરમાં વર્ષ ૨૦૦૭ દરમિયાન પ્લાન્ટ બનાવાયો હતો. જેમાં ગટરનુ પાણી શુદ્ધ કરી ખેતીને સપ્લાય કરવામાં આવે છે. ૭૬ એમ એલ ડી ના પ્લાન્ટ માટે

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં લૉકડાઉન કે દિવસનો કર્ફ્યૂ નહિ આવે : મુખ્યમંત્રીનો પુનરોચ્ચાર

માસ્ક અને રસી જ કોરોનાનો ઉપાય, લોકો ડરે નહિ સાવચેત રહે : રૂપાણી

ગાંધીનગર,તા.૨૦

અમદાવાદ અને સુરત સહિત રાજ્યભરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. આ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શનિવારે ફરીથી પત્રકાર પરિષદમાં જાહેરાત કરતાં જણાવ્યું છે કે રાજ્યમાં કોઈ લોકડાઉન કે દિવસ દરમિયાન કર્ફ્યૂ લાગુ કરવામાં આવશે નહીં. શનિ-રવિમાં મોલ-થિયેટરોમાં લોકો એકઠા થાય છે, એથી એ બંધ રહેશે. સરકારે તમામ તૈયારીઓ કરી છે.

લોકોએ ગભરાવાની જરૂર નથી, સાથે સાથે સાવચેતી રાખવાની જરૂર છે. અત્યારે જેટલા કેસ આવે એનાં પાંચ ગણાં બેડ તૈયાર રાખવાનો મેં આદેશ આપેલો છે અને એ મુજબ સરકાર દરરોજ રિવ્યૂ પણ કરે છે. દવા, ઈન્જેક્શન, ડોક્ટર આ તમામ વ્યવસ્થા પણ થઈ ગઈ છે. ધનવંતરી રથ, ૧૦૪, સંજીવની, એ પણ આપણે ફરી શરૂ કર્યાં છે, એટલે હું માનું છે કે જરા પણ ગભરાવાની જરૂર નથી.

મુખ્યમંત્રીએ અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવનારા લોકો વિશે વાત કરતાં કહ્યું હતું કે બહારનાં રાજ્યોમાંથી આવનારા તમામ લોકોનું આપણે સ્ક્રીનિંગ કરીએ છીએ. ભાજપે તમામ કાર્યક્રમો રદ કર્યા છે અને સરકારે પણ હાલમાં કોઈ કાર્યક્રમો ન કરવાનો નિર્ણય કર્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, ભૂતકાળમાં ત્રણવાર કોરોનાની પીક લહેર આવી ચૂકી છે. ત્યારે પણ સંયમપૂર્ણ ધૈર્ય સાથે એ પીકને પણ વટાવી છે. સરકારે બધી તૈયારી કરી છે. લોકોએ પેનિક થવાની જરૂર નથી. પણ સાવચેત રહેવાની જરૂર છે.

શહેરના સામાજિક અગ્રણી મણીભાઈ ચૌધરીનું નિધન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સામાજિક, સહકારી અને ધાર્મિક સંસ્થાઓના અગ્રણી મણીભાઈ ચૌધરીનું ટૂંકી માંદગી બાદ આજે નિધન થતાં શહેરના જાહેર જીવનમાં ભારે શોકની લાગણી પ્રસરી હતી. શહેરની સ્થાપનાકાળથી સાડા પાંચ દાયકા જાહેર જીવનની અનેકવિધ

પ્રવૃત્તિઓમા સક્રિય ભૂમિકા અદા કરનાર મણીભાઈના અવસાનથી શહેરના જાહેર જીવનમાં મોટી ખોટ સર્જાઈ છે. મણીભાઈ કર્મઠ અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલીના માલિક હતા. ગાંધીનગર શહેરના ઘ-રોડ સહિત અનેકવિધ નાના મોટા નિર્માણ કામોમાં વ્યવસાયિક યોગદાન પણ નોંધપાત્ર હતુ. સાથોસાથ અખિલ આંજણા કેળવણી મંડળમાં દોઢ દાયકા સુધી માનદમંત્રી તરીકે સેવાઓ આપી કન્યા કેળવણીના ભારે હિમાયતી રહ્યા હતા. ગાંધીનગર નાગરિક કો-ઓપરેટીવ બેંકના ચેરમેન પદે નોંધપાત્ર સેવાઓ આપી હતી. જ્યારે શહેરના આધ્યાત્મિક કેન્દ્ર સમાન સમદર્શન આશ્રમના ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપી હતી. ગાંધીનગરમાં જેસીઝ ચળવળના વાહક અને પૂર્વ પ્રમુખ તરીકે પણ તેમનુ યોગદાન મહત્વનુ રહ્યુ હતુ. સુપ્રસિદ્ધ હનુમાન મંદિર (સેક્ટર-૧૭)ના સુમંગલમ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ ત્રણ દાયકાથી સેવા આપતા હતા. આ ઉપરાંત અનેકવિધ સામાજિક, ધાર્મિક સંસ્થાઓ સાથે ઓતપ્રોત રહ્યા હતા. સદ્ગતના નિવાસસ્થાનેથી સાંજે નિકળેલી અંતિમ યાત્રામાં સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ, વેપારીઓ અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

શિક્ષકો જોઈએ છે

In Service of Education SINCE 1996

Shri Shankersinh Vaghela Bapu Foundation

SAMARPAN PUBLIC SCHOOL

ક્રમ	ધોરણ	માધ્યમ	લાયકાત
૧	૧ થી ૫	ગુજરાતી	સ્નાતક, બી.એડ.
૨	૬ થી ૮	ગુજરાતી	સ્નાતક, બી.એડ., અનુસ્નાતક
૩	૯ થી ૧૨	ગુજરાતી, અંગ્રેજી	સ્નાતક, બી.એડ., અનુસ્નાતક

વિષય : (૧ થી ૮) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા,આર્ટ અને ક્રાફ્ટ, કમ્પ્યુટર
વિષય : (૯ થી ૧૨) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા, આર્ટ અને ક્રાફ્ટ, કમ્પ્યુટર, શારીરિક શિક્ષણ, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, નામના મૂળ તત્વો, આંકડા શાસ્ત્ર

નોંધ : ૧૦ કે તેથી વધુ વર્ષના અનુભવવાળા ઉમેદવારને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.

ઉપરની જગ્યા માટે રસ ધરાવતા ઉમેદવારોએ દિન-૦૭માં પોતાની અરજી રૂબરુ, પોસ્ટ દ્વારા અથવા sps@samarpancampus.ac.in ઉપર ઈ-મેલ દ્વારા મોકલી આપવાની રહેશે .

Samarpan Public School
Samarpan Education & Research Campus
KH- 7 Samarpan Circle, Sector-28, Gandhinagar 382028
sps@samarpancampus.ac.in www.samarpanpublicschool.org
+91 90812 62233
+91 90812 72233
Office Time 9:00 a.m. to 3:00 p.m.

IndiaShelter ઇન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડ

રજીસ્ટર્ડ ઓફીસ : પ્લોટ નં. ૧૫, છઠ્ઠો માળ, સેક્ટર-૪૪, ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, ગુરુગ્રામ, હરિયાણા-૧૨૨૦૦૨
શાખા ઓફીસ : ૩૦૫-૩૦૬, રેનડ્રોપ બિલ્ડીંગ, યશ બેંક સામે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૬ (ગુજરાત)

સ્થાવર મિલકતોના વેચાણ માટે નોટીસ

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) ની જોગવાઈઓ સાથે વંચાતા સિકયોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) જેમની વિગતો નીચે કોષ્ટકમાં આપેલ છે તેમને અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારો ગીરો/ચાર્જડ કરાયેલ છે, જેનો જ્યાં છે, જે છે અને જેમ છે ના ધોરણે કંપનીની બાકી રકમની વસુલાત માટે કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદાર/રો અને જામીનદાર/રો અને કાનુની વારસદારોના નામ અને સરનામું ૨. વ્યાજ સહિતની કુલ બાકી રકમ	ભૌતિક કબજાની તારીખ	સ્થાવર મિલકતની વિગત, જાણમાં હોય તેવા બોજા સહિત, જો કોઇ હોય તો	૧. ઈ-હરાજીની તારીખ અને સમય ૨. ઈએમડી જમા કરવાની છેલ્લી તારીખ ૩. મિલકતના નિરિક્ષણની તારીખ અને સમય	૧. રિઝર્વ કિંમત ૨. મિલકતની ઈએમડી ૩. બીડ વૃદ્ધિ
૧	**શ્રીમતી સવિતાબેન ઠાકોર અને શ્રી ભરતભાઇ ઠાકોર** તમામનું સરનામું : ડી ૬ શિવાંજલી કો.ઓ.હા.સો.લી. ત્રીમૂર્તિ એપાર્ટમેન્ટ અંધ કન્યા શાળા પાછળ, મેમનગર ગામ અમદાવાદ ગુજરાત-૩૮૦૦૫૨ લોન એકાઉન્ટ નંબર : BF0200000414 કુલ બાકી રકમ : રૂા. ૫,૨૨,૧૩૨/- (રૂપિયા પાંચ લાખ બાવીસ હજાર એકસો બત્રીસ પુરા) ૩૧.૦૫.૨૦૧૯મુજબ બાકી	૧૮.૦૯.૨૦૨૦	ફ્લેટ નં. ૧૦૨/૧૧, સ્માર્ટ વેલ્યુ હોમ્સ, ટાટા શુભ ગ્રીહા હાઉસિંગ, ઈરીસ પ્રોડક્ટસ પ્રાઇવેટ લીમીટેડ પાસે, મોટી ભોયણ રોડ, કલોલ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧ ખાતે આવેલ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા : પુર્વ : અંદરનો રોડ, પશ્ચિમ : કોમન પેસેજ, ઉત્તર : અંદરનો રોડ, દક્ષિણ : ફ્લેટ નં. ૧૧/૧૦૧	**ઈ-હરાજીની તારીખ :** ૧૯ એપ્રિલ, ૨૦૨૧ સવારે ૧૧.૩૦થી ૩.૩૦ કલાક દરમિયાન અને ૫ મીનીટના અમર્યાદિત લંબાણ સહિત ઈએમડી તેમજ કેવાયસી જમા કરવાની છેલ્લી તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધી છે (પ્રથમ) **મિલકતના નિરિક્ષણની તારીખ :** તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૦૦ કલાક દરમિયાન (પ્રથમ)	**રિઝર્વ કિંમત :** રૂા. ૭,૦૦,૦૦૦/- (રૂપિયા સાત લાખ પુરા) **અર્નેસ્ટ મની ડિપોઝીટ :** રૂા. ૭૦,૦૦૦/- (રૂપિયા સીત્તેર હજાર પુરા) **બીડ વૃદ્ધિ :** રૂા. ૧૦,૦૦૦/ (રૂપિયા દસ હજાર પુરા) અનો તેના ગુણાંકમાં.

અર્નેસ્ટ મની ડિપોઝીટ ઈન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડની તરફેણમાં અમદાવાદ સ્થાનિક શાખા ખાતે ચુકવવા પાત્ર ડીડીના માર્ગે અથવા એક્સીસ બેંકના એકાઉન્ટ નં. 911020001057107 અને IFSC કોડ UTIB0000131, શાખા ગુરગાંવ, બ્રાંચ કોડ 000131 માં NEFT/RTGS મારફત જમા કરવાની રહેશે. વેચાણ હેઠળ રહેલી મિલકતો સંબંધિત કોઈપણ સ્પષ્ટતા/જરૂરિયાતના કિસ્સામાં, બીડરો શ્રી સાગર વ્યાસ (+૯૧ ૭૯૮૪૧૩૧૬૬૯) અને શ્રી અજય ગુપ્તા (+૯૧ ૭૯૦૬૮૨૬૩૭૫ અને ૦૧૨૪-૪૧૩૧૮૧૨) નો સંપર્ક કરી શકે છે.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે ઈન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડની વેબસાઈટ એટલે કે WWW.INDIASHELTER.IN અથવા WWW.INDIASHELTER.AUCTIONTIGER.NET પર જોવા વિનંતી છે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦.૦૩.૨૦૨૧

અધિકૃત અધિકારી
ઈન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડ

બેસણું

મારા ધર્મપત્નિ ચંચીબેન ભીખાભાઈ પટેલ (રીદ્રોલ)

તા.૨૦-૦૩-૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યાં છે.

સદ્ગતનું બેસણું તા.૨૨-૦૩-૨૦૨૧ ને સોમવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમિયા માતાની વાડી, કલેક્ટર કચેરીની સામે, ઘ-રોડ, સેક્ટર-૧૨, ગાંધીનગર

લિ.

પટેલ ભીખાભાઈ ભગવાનદાસ
પટેલ મનુભાઈ ભીખાભાઈ (પુત્ર)(મો.૯૪૨૬૩૫૯૫૧૪)
(પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન ગાંધીનગર મહાનગર પાલિકા.)
(ડીરેક્ટર-ગાંધી.નાગરિક.કો.ઓ.બેંક.લી.)
(ડીરેક્ટર-ગુજરાત અર્બન.કો.ઓ.બેંક.ફેડરેશન)
પટેલ નરેન્દ્રકુમાર ભીખાભાઈ (પુત્ર)(ગાંધી.નાગરિક બેંક)
પટેલ દશરથભાઈ ભીખાભાઈ (પુત્ર)(મીત પેપર ટ્રેડીંગ)
પટેલ મૌલિક મનુભાઈ (પૌત્ર)(ઓસ્ટ્રેલિયા)
પટેલ ચિંતન નરેન્દ્રભાઈ (પૌત્ર)(ઓસ્ટ્રેલિયા)
પટેલ મિત દશરથભાઈ (પૌત્ર)(ઓસ્ટ્રેલિયા)

રીદ્રોલ મુકામે બેસણું તા.૨૨-૦૩-૨૦૨૧ ના રોજ નીચેના સ્થળ અને સમયે રાખેલ છે.
સ્થળ : શ્રી ઉમિયા વાડી, ઠે.પરામા, મુ.રીદ્રોલ, તા.માણસા, જી.ગાંધીનગર
સમય : બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **મણીભાઈ પુંજીરામ ચૌધરી** નો તા.૨૦-૩-૨૧ને શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
સદ્ગતનું બેસણું નીચેના સ્થળે રાખેલ છે.

પામોલ મુકામે તા.૨૨-૩-૨૧ને સોમવાર સવારે ૮ થી ૧૨, ચૌધરી સમાજની વાડી, તા.વિજાપુર, જી.મહેસાણા
ગાંધીનગર તા.૨૪-૩-૨૧ને બુધવાર સવારે ૮ થી ૧૨, ઉમિયા માતાજીની વાડી, સેક્ટર-૧૨, ગાંધીનગર

ચૌધરી કમળાબેન મણીભાઈ (પત્નિ)
ચૌધરી નરેશભાઈ મણીભાઈ (પુત્ર)
ચૌધરી શૈલેષભાઈ મણીભાઈ (પુત્ર)
ચૌધરી સંગીતાબેન કિરણકુમાર (પુત્રી)
ચૌધરી ડાહ્યાભાઈ દેવજીભાઈ (ભત્રીજા)
સ્વ.ચૌધરી રમેશભાઈ દેવજીભાઈ (ભત્રીજા)
ચૌધરી બળદેવભાઈ દેવજીભાઈ (ભત્રીજા)
પૌત્ર- ધીરલ,દર્શીત,નિર્મીત,રાહિલ,દેવ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
KISAN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩૩, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com